B.Ed. Online Admission Steps

B.Ed. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે સૌ પ્રથમ માહિતી પુસ્તિકાના પાછળનાં કવર પેઈજ પર ચોંટાડેલ બ્રાઉન હોલો સ્ટીકર ધ્યાનપૂર્વક ખોલવું જેથી ઓનલાઈન ફોર્મ ભરવા માટેના યુઝરનેઈમ અને પાસવર્ડ મળશે. આ યુઝરનેઈમ-પાસવર્ડની મદદથી પ્રવેશાર્થીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર આપેલ બી.એડ્. ઓનલાઈન એન્ટ્રન્સ ટેસ્ટ એપ્લીકેશન લીંક પર સૂચનાઓને અનુસરીને Sign in કરવું અને ક્રમબદ્ધ સોપાનોમાં અરજીની કાર્યવાહી પૂરી કરવી.

**>>>પ્રવેશાર્થીએ પ્રવેશફોર્મની એન્ટ્રી Mozilla બ્રાઉઝરમાં જ કરવાની રહેશે.**

**>>> Sign In કરતા પહેલા શૈક્ષણિક લાયકાત માટેનાં તથા અન્ય જરૂરી તમામ Documents સ્કેન કરી જણાવેલ Sizeમાં સોફ્ટકોપીમાં સાથે રાખવા B.Ed.માં Method-1 રાખવી હોય તે વિષયમાં જ Entrance Test આપવાની હોય છે તે નક્કી કરી રાખવું.**
**>>>પરીણિત બહેનોએ લગ્ન પછીના નામ અંગેની ગેઝેટની કોપી હોય, તો જ બદલાયેલ નામથી ફોર્મ ભરવું, જો તે ન હોય તો શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટમાં દર્શાવેલ નામથી જ ફોર્મ ભરવું.**

**>>>Online Form ભરતી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા જણાય કે ક્ષતિ થાય તો edu@baou.edu.in ઈ-મેઈલ ID પર Screen-Shot, Mobile No., User name અને Password સાથેનો ઈ-મેઈલ કરવો, થયેલ સમસ્યા જણાવવી જેથી તેનો ઉકેલ મળી શકે.**

**>>>Online Form ભરવાની પ્રક્રિયા સરળ છે, જે સ્વયં કરવી. જરૂર લાગે તો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે વિનામૂલ્યે Online Form ભરવાની સહાય મળશે.**

**>>> Step-01 :** પ્રવેશ પરીક્ષા (Entrance Test) જે વિષયમાં આપવાની હોય, તે નક્કી કરી રાખો. સૌ પ્રથમ Sign In કરી માહિતી-પુસ્તિકામાં આપેલ યુઝર નેઈમ અને પાસવર્ડ દ્વારા Login કરવું. ત્યારબાદ 'Form Entry' પર ક્લિક કરવું, જે પેજ ખુલે તેમાં સૂચના મુજબ નામ, જાતિ અને વિષય (Method-1 જે વિષયની પ્રવેશ પરીક્ષા આપવાની હોય તે પ્રવેશ પરીક્ષા કેન્દ્ર)ની વિગતો ભરવી. આ વિગતો એકવાર સબમીટ કર્યા પછી બદલી શકાશે નહિ, તેથી ધ્યાનપૂર્વક ફોર્મ ભરી સબમીટ કરો.

**>>> Step-02 :** Sign-in કર્યા બાદ Form Entry પર ક્લિક કરી દરેક વિગત કેપિટલ લેટર્સમાં ભરવી.

**>>> Step-03 :** Upload Documents મેનુમાં જઈ નીચે મુજબના Documents Upload કરવા. ધ્યાનમાં રાખો કે Documents ની Size વધુ હશે, તો તેને Resize કર્યા બાદ Upload કરવા.

1. પાસપોર્ટ સાઇઝનો ફોટો
2. પ્રવેશાર્થીની સહી

3. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

4. સ્નાતક ડિગ્રીની માર્કશીટ (B.A./ B.Com./B.Sc./B.E.)

5. અનુસ્નાતક ડિગ્રીની માર્કશીટ (M.A./M.Com./M.Sc./M.E.)

6. NCTE માન્ય Face To Face Mode નાં અભ્યાસક્રમની માર્કશીટ (DEL.ED./P.T.C./D.ED./C.P.ED./B.P.ED.)વગેરે

7. કુલ અનુભવના પ્રમાણપત્રો

8. હાલ નોકરીમાં કાર્યરત છો તેનું પ્રમાણપત્ર (તા.01/08/2017 પછીનું)

9. જાતિનું પ્રમાણપત્ર (SC/ST/SEBC ક્રિમીલીયર તા.30/03/2017 પછીની તારીખનું)

10. દિવ્યાંગ(વિકલાંગ) હોવા અંગેનું પ્રમાણપત્ર(PH) (જો લાગુ પડતું હોય તો)

11. આધારકાર્ડની નકલ

**>>> Step-04 :** ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ પ્રવેશાર્થીને Print e-Form પર ક્લિક કર્યા બાદ પોતાના ભરેલ ફોર્મની વિગત જોવા મળશે. જો તેમાં સુધારો કે ક્ષતિ જણાય તો નીચે આપેલ 'Edit Details' પર ક્લીક કરી સુધારો કરી વિગત Update કરવાની રહેશે તેમજ જો ક્ષતિ ન જણાય તો 'Final Admission Submission' પર ક્લીક કરવાનું રહેશે. જે કરવાથી પ્રવેશાર્થીનું e-Admission Form PDFમાં જનરેટ થશે. જેને પ્રિન્ટ કરી પ્રવેશાર્થીએ નીચે મુજબના ડોક્યુમેન્ટ અટેચ કરી સામેલ કવરમાં બીડાણ કરી યુનિવર્સિટી કાર્યાલય પર આપેલ સમયમર્યાદામાં જમા કરાવવાનું રહેશે.

**>>> Step-05 :** પ્રિન્ટ કરેલ ફોર્મની સાથે ઉપર જણાવેલ તમામ ડોક્યુમેન્ટસની (Self attested) સ્વયં પ્રમાણિત કરેલ કોપીનું બીડાણ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે B.Ed. વિભાગ પર રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી સમયસર પહોંચે તે રીતે મોકલશો.

>>>B.Ed. પ્રવેશ માહિતી-પુસ્તિકા સાથે આપવામાં આવેલ કવરમાં બી.એડ્. પ્રવેશફોર્મ અને નીચે મુજબ પ્રમાણપત્રો મૂકી યુનિવર્સિટી ખાતે પોસ્ટ/રૂબરૂ આપેલ સમય મર્યાદામાં જમા કરાવવા.

>>>અનુભવનું પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીશ્રી/શાળાના કાર્યરત પ્રિન્સિપાલ અને શાળામા પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હોય તો તેઓએ અનુભવના પ્રમાણપત્ર પર ઉપલા અધિકારીની કાઉન્ટર સહી સાથે) પાસ કરેલ, NCTE માન્ય અભ્યાસક્રમની માર્કશીટ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ માર્કશીટ, જાતિનું પ્રમાણપત્ર, દિવ્યાંગ(PH 60% વિકલાંગતાનું) પ્રમાણપત્ર , LC, આધારકાર્ડ વગેરે સાથે બીડાણમાં મૂકવા.

>>>પ્રવેશ પરીક્ષા અને અન્ય સૂચનાઓ માટે નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ www.baou.edu.in જોવા વિનંતી.